EDII

**Divya bhaskar (City bhaskar)**

**06 June, 2021**
**Page No.01**

### EDIIની એન્યુઅલ વર્ચ્યુઅલ મીટ યોજાઇ

# બિઝનેસની સફળતાનો આધાર નેટવર્કિંગ પર છે

**અમદાવાદ :** આંત્રપ્રિન્યોર ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (EDII) દ્વારા વાર્ષિક નેટવર્કિંગ વર્ચ્યુઅલ મીટ "આંત્રેપ્લેક્સસ"નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એલ્યુમની સ્ટુડન્ટ્સે તેમના અનુભવો અને ફિલ્ડ તેમજ બિઝનેસ એક્સપિરિયન્સ વિશે વાત કરી હતી. નેટવર્કિંગના હેતુથી યોજવામાં આવેલી આ મીટમાં 51 એલ્યુમનીએ તેમના સાહસ, ઉદ્દેશ વિશે અને અન્ય મહત્વપૂર્ણ વિગતો પર પ્રેઝન્ટેશન કર્યું હતું.

મુખ્ય અતિથી અને જિયો જેનનેક્સ્ટના હેડ આમેય માશેલકરે વિદ્યાર્થીઓ સાથે વાત કરતા જણાવ્યુ હતુ કે બિઝનેસના સક્સેસનો આધર નેટવર્કિંગ પર રહેલો છે. આ અંગે વધુ વાત કરતા તેમણે કહ્યું હતું કે, વ્યવસાયને વિકસાવવા મજબૂત નેટવર્ક ચાવીરૂપ છે. ઉપરાંત ઈડીઆઈઆઈના ડાયરેક્ટર જનરલ ડો. સુનિલ શુક્લાએ વિદ્યાર્થીઓને તેમના વ્યવસાય સાથે સંબંધિત મહત્વપૂર્ણ મુદ્દાઓની ચર્ચા અને માર્ગદર્શન મેળવવા ઈડીઆઈઆઈમાં ફેકલ્ટી અને એલ્યુમનિની સહાય લેવાની વાત કરી હતી. એલ્યુમનીએ પણ મીડિયા, મનોરંજન, રિયલ એસ્ટેટ, હસ્તકળા, હેલ્થકેર, કૃષિ વગેરે જેવા વિવિધ ક્ષેત્રો સાથે સંબંધિત તેમના વ્યવસાય વિશે વાત કરી હતી.

એન્યુલ નેટવર્કિંગ મીટમાં ઈડીઆઈઆઈના ફેકલ્ટી શ્રી મયુર ઠક્કર, ડો. સત્ય રંજન આચાર્ય, પિયુષ સિંહા અને શ્રી ગણપતિ બાથિની પણ ઉપસ્થિત રહ્યાં હતાં અને પૂર્વ વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો.